# COMMISSIONERATE OF HIGHER EDUCATION

**Government of Gujarat**

## બિનસરકારી અનુદાનિત કોલેજના અધ્યાપક સહાયક (શિક્ષણ અને કાયદા વિદ્યાશાખા) ની જાહેરાત-૨૦૧૭-૨૦૧૮ના સંદર્ભમાં વારંવાર પુછાતા પ્રશ્નો (FAQ)

### ૧. શિક્ષણ વિદ્યાશાખા માટે લાયકાત શું છે?

**જવાબ:** જાહેરાતના લાયકાતના મુદ્દા નં. ૭માં દર્શાવ્યા પ્રમાણે બી.એડ. , અનુસ્નાતક કક્ષાએ ૫૫ ટકા માર્ક્સ, એમ.એડ.માં ૫૫ ટકા, શિક્ષણ વિષયમાં NET અથવા GSLET. જાહેરાતના લાયકાતના મુદ્દા નં. ૫ મુજબ પીએચ.ડી.ની ડિગ્રી ધરાવનારને NET/GSLETમાંથી મુક્તિ મળવાપાત્ર થશે.

### ૨. કાયદા વિદ્યાશાખા માટે લાયકાત શું છે?

**જવાબ:** જાહેરાતના લાયકાતના મુદ્દા નં. ૮માં દર્શાવ્યા પ્રમાણે એલ.એલ.બી. અને એલ.એલ.એમ.માં ૫૫ ટકા , કાયદા વિદ્યાશાખામાં NET અથવા GSLET. જાહેરાતના લાયકાતના મુદ્દા નં. ૫ મુજબ પીએચ.ડી.ની ડિગ્રી ધરાવનારને NET/GSLETમાંથી મુક્તિ મળવાપાત્ર થશે.

### ૩.એમ.ફીલ. ની લાયકાત ધરાવનાર ઉમેદવાર અથવા પી.એચ.ડી ચાલુ હોય તેવા ઉમેદવાર અરજી કરી શકે?

**જવાબ:** ના. NET/GSLET અથવા યુ.જી.સી. રેગ્યુલેશન અનુસારનું પીએચ.ડી. એ લઘુત્તમ લાયકાતના ધોરણો છે.

### ૪. પી.એચ.ડી થીસીસ જમા કરાવેલ હોય પરંતુ બાકીની પ્રક્રિયા બાકી હોય તેવા ઉમેદવાર અરજી કરી શકશે?

**જવાબ:** ના. ઉમેદવાર પાસે યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલ પી.એચ.ડી નોટિફિકેશન હોવું આવશ્યક છે.

### ૫. શૈક્ષણિક વર્ષ ૨૦૦૯ પહેલા કે તે બાદ કરેલ પીએચ.ડી માન્ય છે ?

**જવાબ:** ઉમેદવાર યુજીસી-સીએસઆઇઆર અથવા સમાન પ્રકારની સંસ્થામ દ્વારા યોજીત નેટ (પ્રમાણપત્ર) અથવા સ્લેટ (પ્રમાણપત્ર) અથવા સેટ (પ્રમાણપત્ર) ઉતિર્ણ હોવા જોઇએ.
ઉમેદવાર કે જેઓ ૧૧ જુલાઈ, ૨૦૦૯ પહેલા પી.એચડી. માટે રજીસ્ટર થયા હોય અને પી.એચ.ડી. પૂર્ણ થયું હોય તેવા ઉમેદવારોને NET/SLET લાયકાતમાંથી મુક્તિ મળવાપાત્ર છે. આવા ઉમેદવારોએ University Grants Commission (Minimum Qualifications for Appointment of Teachers and other Academic Staff in Universities and Colleges and Measures for the Maintenance of Standards in Higher Education) (4th Amendment), Regulations, 2016 નાં **મુદ્દા નં.-3** માં જણાવ્યા અનુસારનું Vice-Chancellor / Pro-Vice-Chancellor / Dean (Academic Affairs) / Dean (University instructions)નું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

જે ઉમેદવારે યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૦૯ પ્રમાણે પીએચ.ડીમાં પ્રવેશ મેળવેલ હોય અને પી.એચ.ડી.પૂર્ણ થયું હોય તેમને University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2009 અનુસાર NET/SLET લાયકાતમાંથી મુક્તિ મળવાપાત્ર છે. આવા ઉમેદવારોએ University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2009 અનુસાર પીએચ.ડી લાયકાત મેળવેલ છે તે મુજબનું યુનિવર્સિટીના સક્ષમ સત્તાધિકારીનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

### ૬. શું યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૦૯ મુજબનું સર્ટિફિકેટ જરૂરી છે ?

**જવાબ:** જે ઉમેદવાર NET/GSLET (પ્રમાણપત્ર)ની લાયકાત ધરાવે છે અને પીએચ.ડી.ની પણ લાયકાત ધરાવે છે તેવા ઉમેદવારોએ યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૦૯ મુજબનું સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેતું નથી. પરંતુ ફક્ત પીએચ.ડી.ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે NET/GSLET માંથી

મુક્તિ માટે જાહેરાતના લાયકાતના મુદ્દા નં. ૫ (પાંચ) અનુસારનું લાગું પડતું સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે.

## ૭. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ પ્રથમ સ્થાનના ૧૦ મેરિટ માર્ક્સનો લાભ કોને મળે ?

**જવાબ:** સ્નાતક કક્ષાએ શિક્ષણ વિદ્યાશાખા માટે બી.એડ.ની ડિગ્રીમાં તથા કાયદા વિદ્યાશાખા માટે એલ.એલ.બી.ની ડિગ્રીમાં યુનિવર્સિટી કક્ષાએ સમગ્ર વિદ્યાશાખામાં પ્રથમ સ્થાન મેળવ્યાનું પ્રમાણપત્ર રજૂ કરવાથી ૧૦ મેરિટ માર્ક્સનો લાભ મળવાપાત્ર છે , જ્યારે અનુસ્નાતક કક્ષાએ શિક્ષણ વિદ્યાશાખા માટે એમ.એડ.ની ડિગ્રીમાં અને કાયદા વિદ્યાશાખા માટે એલ.એલ.એમ.ની ડિગ્રીમાં યુનિવર્સિટી કક્ષાએ સમગ્ર વિદ્યાશાખામાં પ્રથમ સ્થાન મેળવ્યાનું પ્રમાણપત્ર રજૂ કરવાથી ૧૦ મેરિટ માર્ક્સનો લાભ મળવાપાત્ર છે.

## ૮. કયો અનુભવ માન્ય ગણાશે ?

**જવાબ:** સરકારી કોલેજોમાં કરાર આધારિત વ્યાખ્યાતા સહાયક તરીકેનો , બિન સરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયક તથા પાર્ટ ટાઈમ અધ્યાપક તરીકેનો તથા સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં કાયમી અધ્યાપક તરીકેનો પરંતુ યુનિવર્સિટીની અધ્યાપક તરીકેની માન્યતા મળેલ તારીખ પછીનો અનુભવ માન્ય ગણાશે.

## ૯. વિષયની સુસંગતતા કેવી રીતે નક્કી કરવામાં આવશે ?

**જવાબ:** યુ.જી.સી. અને જે તે વિદ્યાશાખાની કાઉન્સિલના Act/Noticeમાં દર્શાવ્યા પ્રમાણે રહેશે. આમ છતાં વધુ સ્પષ્ટતા /ચોક્સાઈ માટે ઉમેદવારે વેબસાઈટ પર મૂકેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો SCA 9773/2015નો ચુકાદો જોઈ લેવો.

## ૧૦. અનામત કક્ષાના ઉમેદવારે બિનઅનામત કક્ષાનો લાભ લેવા અલગ ફોર્મ ભરવું પડશે ?

**જવાબ:** ના. કોઈ પણ અનામત કક્ષા ના ઉમેદવારે એક વિષય માટે ફક્ત એક જ ફોર્મ ભરવાનું રહે છે. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૧/૨૦૦૦નાં પરિપત્ર ક્રમાંક: પવસ-૧૦૯૯-મુમ-૧૩-ગ.૪ની જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણે (અર્થાત વયમર્યાદા , અનભુવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદ ગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

## ૧૧. મહત્તમ કેટલી કોલેજો માટે પસંદગી ક્રમ આપી શકાય ?

**જવાબ:** ફોર્મ ભરતી વખતે ઉમેદવારની કેટેગરી અને વિષય અનુસાર મળવાપાત્ર તમામ કોલેજોની પસંદગી આપવાની રહેશે. ઉમેદવારે પસંદ કરેલ કોલેજો પૈકી જેટલી કોલેજોમાં ઈન્ટરવ્યુ માટે ઉપસ્થિત રહેશે તે જ કોલેજોના જે તે વિષયના આખરી મેરિટમાં તેમનો સમાવેશ થશે.

## ૧૨. અરજી સંપૂર્ણ કન્ફર્મ (સ્વીકાર) થયેલ ક્યારે કહેવાય ?

**જવાબ:** સૌ પ્રથમ ઉમેદવારે વેબસાઇટ www.cheguj.com પર રજિસ્ટર થવાનું રહેશે. રજિસ્ટર

થયા બાદ વેબસાઇટ પર લોગ-ઇન થવાથી અરજી ફોર્મ ખુલશે. અરજી ફોર્મ કાળજીપૂર્વક ભરવાનું રહેશે.

ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ઉમેદવાર પોતાના વિષયની ઉપલબ્ધ ખાલી જગ્યાઓ સામે પસંદગી કરી શકશે અને જે જગ્યાાઓ માટે પસંદગી કરે છે ,તે કોલેજો માટે પોતાનો પસંદગી ક્રમ આપવાનો રહેશે. વધુમાં, અરજીપત્રકમાં દર્શાવેલ પસંદગી ક્રમ નિયુક્તિ સુધીની પ્રક્રિયામાં અંતિમ ગણાશે.

પસંદગી ક્રમ આપ્યા બાદ ઉમેદવારે ફોર્મ ફી ભરવા માટે ચલણ ડાઉનલોડ કરી પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. તથા નજીકની દેના બેંકની કોઇપણ શાખામાં ઉક્ત ચલણથી ફોર્મ ફી જમા કરાવવાની રહેશે.

બેંકમાં ફી જમા કરાવ્યાઉ બાદના કામકાજના એક દિવસ બાદ ઉમેદવારે વેબસાઇટ www.cheguj.com પર પોતાના યુઝર આઇ.ડી – પાસવર્ડથી લોગ-ઇન થવાનું રહેશે તથા ચલણથી ફી ભર્યા અંગેના ટ્રાન્ઝેક્શન આઇ.ડી જણાવવાના રહેશે જેથી સિસ્ટમ દ્વારા વેરીફાઇ કરી ઉમેદવારની અરજી સ્વિકારવામાં આવેલ છે તે પ્રકારની સુચના પ્રદર્શિત કરવામાં આવશે. ઉમેદવારનું ફોર્મ સ્વિકારવામાં આવેલ છે તે મુજબની સુચના પ્રદર્શિત ન થાય ત્યાં સુધી ફોર્મ સબમીટ થયેલ ગણાશે નહી।

કામકાજના દિવસો દરમ્યાન દરરોજ બપોરના ૧.૦૦ કલાકે સિસ્ટમમાં બેંક દ્વારા પુરા પાડવામાં આવેલ ટ્રાન્ઝેક્શન આઇ.ડીનો ડેટા અપડેટ કરવામાં આવશે. જેથી ફી ભર્યાના ૨૫ કલાક બાદ જ ટ્રાન્ઝેક્શન આઇ.ડી દાખલ કરવાથી સિસ્ટમ દ્વારા વેરીફાઇ કરી શકાશે. ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની પ્રિન્ટ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. અંતિમ દિવસ સુધીમાં ઉમેદવાર પોતાના ફોર્મની વિગતો સુધારી શકાશે પરંતુ ફોર્મ ભરવાની છેલ્લી તારીખે દર્શાવેલ સમય બાદ કોઇપણ સંજોગોમાં ઉમેદવાર ફોર્મની વિગતો સુધારી / અપડેટ કરી શકશે નહીં.

## ૧૩. ચલણ ની ત્રીજી કોપી નું શું કરવાનું છે ?

**જવાબ:** ઉમેદવારને જયારે પ્રમાણપત્ર ની ચકાસણી માટે બોલાવવા માં આવશે ત્યારે ચલણ ની ત્રીજી કોપી બીજા પ્રમાણપત્રો ના સેટ ની સાથે ઓફિસ કોપી તરીકે જમા કરાવવાની રહેશે.